# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

****************************************************

1) સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને દેશના સતત આર્થિક વિકાસ માટે જરૂરી ગણાવતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

2) ભારતીય નાગરિકોને સલામત રીતે સ્વદેશ પરત મોકલવામાં મદદ કરવા બદલ વિદેશમંત્રી એસ જયશંકરે ઇરાનનો આભાર વ્યક્ત કર્યો

3) ઓરિસ્સાના પૂરીમાં ભગવાન જગન્નાથની વિશ્વ વિખ્યાત રથયાત્રાનો આરંભ; અમદાવાદમાં હજારો ભક્તો સાથે ભગવાન જગન્નાથની નગરયાત્રા યોજાઇ

4) કોલકાતામાં કાયદાની વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ મામલે રાષ્ટ્રીય મહિલા આયોગે કોલકાતાના પોલીસ કમિશનર પાસે અહેવાલ માંગ્યો

5) વૈશ્વિક બજારમાં સકારાત્મક સંકેતોના પગલે ભારતીય શેરબજાર આજે સતત ચોથા દિવસે પણ વધારા સાથે બંધ થયું

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PREZ MSME

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે," એક મજબૂત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો ઇકોસિસ્ટમ માત્ર દેશ માટે મહત્વપૂર્ણ નથી પરંતુ તેના સતત આર્થિક વિકાસ માટે પણ જરૂરી છે." તેઓ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ' એમએસએમઈ દિવસ 2025 - ઉદ્યોગસાહસિક ભારત' કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

રાષ્ટ્રપતિએ કહ્યું કે," એમએસએમઈ દેશના અર્થતંત્રનો મજબૂત આધારસ્તંભ છે. તેઓ જીડીપીમાં નોંધપાત્ર યોગદાન આપે છે અને પાયાના સ્તરે નવીનતાને પ્રોત્સાહન આપે છે.

(બાઇટ- દ્રૌપદી મુર્મુ , રાષ્ટ્રપતિ)

# JAISHANKAR - IRAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે ઈરાનની વર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે તેઓ વર્તમાન જટિલ પરિસ્થિતિમાં ઈરાનના દ્રષ્ટિકોણ અને વિચારસરણી શેર કરવા બદલ તેમની પ્રશંસા કરે છે. તેમણે ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે સ્વદેશ પરત મોકલવામાં  મદદ કરવા બદલ ઈરાની વિદેશ મંત્રીનો આભાર પણ  માન્યો.

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ગાંધીનગર લોકસભા મતક્ષેત્રમાં આવેલી ઇન્ફર્મેશન એન્ડ લાઈબ્રેરી નેટવર્ક – ઈનફ્લિબનેટ કેન્દ્રની મુલાકાત લીધી. તેમજ તેમણે પુસ્તકાલોના વિકાસની પણ સમીક્ષા કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું, ઈનફ્લિબનેટના માધ્યમથી પુસ્તકાલયોને અત્યાધુનિક ટેક્નોલૉજી સાથે જોડીને સતત વિકસિત કરવામાં આવી રહ્યા છે. ઉપરાંત શ્રી શાહે 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય'ની મોબાઈલ એપ પણ લોન્ચ કરી. આ એપ પુસ્તકપ્રેમીઓ માટે તેમના મનપસંદ પુસ્તક મેળવવા ઘણી ઉપયોગી સાબિત થશે.

# SHAH - WORLD POLICE GAMES

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 2029 વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સ માટે ભારતને યજમાન દેશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બદલ આનંદ વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે કહ્યું કે ભારતના નાગરિકો માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે. તેમણે ટિપ્પણી કરી કે ભારતે આ ઇવેન્ટનું આયોજન કરવા માટે પ્રતિષ્ઠિત બિડ જીતી એ તેના વિશાળ રમતગમત માળખાની વૈશ્વિક માન્યતા છે. ગૃહમંત્રીએ ઉમેર્યું કે અમદાવાદને આ સ્પર્ધાના  આયોજન માટેના સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

# RATHYATRA

અષાઢી બીજના તહેવાર નિમિત્તે ગુજરાતના અમદાવાદ ખાતે 148મી ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઇ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળા આરતીમાં ભાગ લીધો હતો જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પહિંદ વિધિ કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.. જ્યારે જય જગન્નાથના જયઘોષ સાથે હાજરોની સંખ્યામાં ભક્તજનો સાથે આ રથયાત્રા તેના પરંપરાગત રૂટ પર ભ્રમણ કરીને જમાલપુરના ભગવાન જગન્નાથના મંદિર  તરફ પ્રયાણ કરી રહી છે.

ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાની વિશ્વ પ્રસિદ્ધ વાર્ષિક રથયાત્રા આજે પુરીમાં શરૂ થઈ.

ભવ્યતા અને ભક્તિ સાથે યાત્રા શરૂ થતાં, પવિત્ર નગરી પુરીમાં એક જબરદસ્ત આધ્યાત્મિક નજારો જોવા મળી રહ્યો છે. આ પવિત્ર કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારત અને વિદેશમાંથી લાખો ભક્તો ઉમટી પડ્યા છે.

# NCW KOLKATA

દક્ષિણ કોલકાતામાં કાયદાની વિદ્યાર્થિની પર કોલેજ પરિસરમાં કથિત રીતે સામૂહિક દુષ્કર્મ થયુ હોવાની ઘટના અંગે રાષ્ટ્રીય મહિલા આયોગે સ્વતઃ નોંધ લીધી છે. આયોગે કોલકાતાના પોલીસ કમિશનરને પત્ર લખીને આ ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને ત્રણ દિવસમાં વિગતવાર કાર્યવાહીનો અહેવાલ માંગ્યો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM - ODISHA RAIL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ઓડિશાના રેલ્વે માળખાગત વિકાસ માટે છેલ્લા અગિયાર વર્ષ ખરેખર ઐતિહાસિક રહ્યા છે. કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા લખાયેલ એક લેખ શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે, ખાસ કરીને પવિત્ર શહેર જગન્નાથ પુરીના યાત્રાળુઓ માટે ભારતીય રેલ દ્વારા મુસાફરી સરળ બનાવવામાં આવી છે,

શ્રી વૈષ્ણવે પોતાના લેખમાં જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં ઓડિશાના રેલ્વે બજેટ ફાળવણીમાં 12 ગણો વધારો થયો છે અને તે 10 હજાર 500 કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. 2014 થી, ઓડિશામાં બે હજાર કિલોમીટરથી વધુ નવા ટ્રેક નાખવામાં આવ્યા છે, જે મલેશિયાના સમગ્ર રેલ નેટવર્ક કરતા વધુ છે. તેમણે કહ્યું કે, રાજ્યમાં 59 અમૃત સ્ટેશનો વિકસાવવામાં આવી રહ્યા છે.

# INDIA - LOCOMOTIVES EXPORT

ભારત મોઝામ્બિકને 3300 હોર્સપાવરના દસ ડીઝલ ઇલેક્ટ્રિક લોકોમોટિવ નિકાસ કરી રહ્યું છે. બનારસ લોકોમોટિવ વર્ક્સ દ્વારા ઉત્પાદિત આ લોકોમોટિવ્સ વિશ્વસ્તરની અદ્યતન સુવિધઆથી સજ્જ છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, રેલ્વે બોર્ડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (માહિતી અને પ્રચાર) દિલીપ કુમારે જણાવ્યું હતું કે, આ દસ લોકોમોટિવ્સમાંથી, બે લોકોમોટિવ્સ આ મહિને મોઝામ્બિકને પહોંચાડાશે. જ્યારે બાકીના આઠ લોકોમોટિવ્સ આ વર્ષના અંત સુધીમાં પહોંચાડવાનું આયોજન છે.

(BYTE - DILIP KUMAR)

# DETAILED STOCKS

વૈશ્વિક બજારમાં સકારાત્મક સંકેતો અને સપ્તાહના આજના છેલ્લા વ્યવહારોમાં ભારતીય શેરબજાર આજે સતત ચોથા દિવસે પણ સતત વધારા સાથે બંધ થયું હતું.

બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ એશિયન પેઇન્ટ્સ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેરોમાં લેવાલીના પગલે 303 પોઇન્ટ વધીને 84 હજારની સપાટીને પર કરીને બંધ રહ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 89 પોઇન્ટ વધીને 25 હજાર 638 પરના અંક પર બંધ થયો.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે દેશભરમાં આગામી સાત દિવસોમાં દેશના વિવિધ ભાગોમાં વ્યાપક વરસાદ, વાવાઝોડા અને ભારે પવનની આગાહી કરી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ, મધ્યપ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, ગંગાના મેદાનો, પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ અને ઓડિશામાં મોટાભાગના સ્થળોએ હળવો થી મધ્યમ વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે.

ઉત્તરપૂર્વ ભારતમાં પણ આગામી સાત દિવસો દરમિયાન મોટાભાગના સ્થળોએ વીજળી અને વાવાઝોડા સાથે હળવો થી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. દક્ષિણ ભારત તમિલનાડુમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે તેવી આગાહી કરી છે. ત્રીજી જુલાઈ સુધી દરિયાકાંઠાના દક્ષિણ આંતરિક કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત 29 જૂન અને ત્રણ જુલાઈએ કેરળમાં વાવાઝોડા સાથે અતિભારે વરસાદ પડી શકે છે.

કેરળ અને માહે, લક્ષદ્વીપ અને દરિયાકાંઠાના કર્ણાટકમાં હળવો થી મધ્યમ વરસાદ ચાલુ રહેશે. ઉપરાંત, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, તેલંગાણા અને આંતરિક કર્ણાટકમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ઘણા વિસ્તારોમાં ભારે પવન અને ઊંચા મોજા ઉછળવાના કારણે, માછીમારોને 27 જૂનથી બે જુલાઈ સુધી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે. ગુજરાત, કોંકણ, ગોવા, કર્ણાટક, કેરળ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારો સહિત લક્ષદ્વીપ, આંદામાન સમુદ્ર અને મન્નારના અખાતમાં માછીમારી પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે સ્થગિત કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

# PAK - POLIO

પાકિસ્તાનમાં આજે વર્ષનો ૧૩મો પોલિયો કેસ નોંધાયો છે. ઇસ્લામાબાદમાં પોલિયો નાબૂદી માટેની પ્રાદેશિક સંદર્ભ પ્રયોગશાળાએ દક્ષિણ ખૈબર પખ્તુનખ્વાની ૧૮ મહિનાની બાળકીમાં વાયરસ હોવાની પુષ્ટિ કરી છે. વધુ જોખમ વાળા વાયરસના સંક્રમણની ચિંતાઓ ઉભી કરનારો આ વર્ષે પ્રાંતમાં નોંધાયેલો આ સાતમો કેસ છે. સિંધમાં ચાર અને પંજાબ અને ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં એક-એક કેસ નોંધાયા  છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વિશ્વના એકમાત્ર બે દેશો છે જ્યાં પોલિયો વાયરસ હજુ પણ અસ્તિત્વમાં  છે.